દાખલ તારીખ–૦૪.૧૦.૨૦૨૨
નોંધણી તારીખ–૦૪.૧૦.૨૦૨૨
ફેસલ તારીખ– ૦૮.૧૦.૨૦૨૨
સમય ગાળો:વર્ષ–૦૦,માસ–૦૦,દિવસ–૦૪

**ગોંડલના મહેરબાન  એડીશ્નલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મું. ગોંડલ**

ફોજદારી પરચુરણ અરજી નંબર–**૪૪૭/૨૦૨૨**

**આંક: 06**

**ગૌતમભાઇ ધીરૂભાઇ ચુડાસમા,**
ઉ્વ.આ.૩૨, ધંધો–મજુરી,ધર્મે,હિન્દુ,
રહે.મુ.સુરત,ઠે.કામરેજ નણદીસાડ ગામ,
સુંદરવન રેસીડેન્સી,બ્લોક નં.૬૭.
**હાલઃ–સબ જેલ ગોંડલ.** ––––– **અરજદાર**

**વિરૂધ્ધ –**

**શ્રી સરકાર**
થ્રુ એડી. પી.પી.શ્રી, એડીશ્નલ સેશન્સ કોર્ટ,
ગોંડલ –––––– **સામાવાળા**

**બાબત–ક્રિમીનલ પ્રોસીઝર કોડ ની કલમ–૪૩૯ અન્યવે  રેગ્યુલર જામીન અરજી**

**અરજદાર તરફે વિદ્વાન વકીલ શ્રી આઇ.બી.જાડેજા**
**સામાવાળા તરફે વિદ્વાન એ.પી.પી.શ્રી જી.કે.ડોબરીયા**

## -:: હુકમ ::-

(૧) અરજદાર/આરોપીએ હાલની રેગ્યુલર જામીન પર મુકત થવા ક્રીમીનલ પ્રોસીઝર કોડની કલમ-૪૩૯ અન્વયે એફ.આઇ.આર.ના ગ્રાઉન્ડ પર હાલની જામીન અરજી દાખલ કરેલ છે.

(૨) અરજદાર/આરોપી વિરૂધ્ધ કોટડાસાંગાણી પોલીસ સ્ટેશન પ્રોહીબીશન ગુના રજીસ્ટર નંબર ૧૧૨૧૩૦૨૬૨૨૦૨૫૮/૨૦૨૨ થી પ્રોહીબીશન એકટની કલમ-૬૫(એ)(ઇ),૧૧૬(બી),૯૮(૨),૮૧ મુજબનો ગુનો નોંધાતા આરોપીને તારીખ ૩.૧૦.૨૦૨૨ ના રોજ અટક કરી નામદાર નીચેની કોર્ટ સમક્ષ રજુ કરતા અરજદારે નીચેની કોર્ટ સમક્ષ જામીન અરજી રજુ કરતા જે અરજી નામંજુર થતા ત્યારબાદ થી આરોપીને જયુડીશ્યલ કસ્ટડીમાં મોકલવામાં આવેલ હોય હાલની અરજી ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૪૩૯ અન્યવે રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે કરેલ છે.

(૩) સામાવાળાને નોટીસ કરતા પ્રોસીકયુશન/શ્રી સરકાર તરફે વિધ્વાન એડી.પી. પી.શ્રી જી.કે.ડોબરીયા હાજર થયેલ છે તેમજ રજુ કરેલ દસ્તાવેજો,તથા પોલીસ તપાસના કાગળો વંચાણે લીધા. અરજદાર તરફે વિધ્વાન વકીલશ્રી આઇ.બી.જાડેજાની તથા પ્રોસીકયુશન તરફે વિધ્વાન એડી.પી.પી.શ્રી જી.કે.ડોબરીયાની દલીલો સાંભળી.

(૪) આ કામે અરજદાર તરફે વિધ્વાન વકીલશ્રીએ તેમની મૌખિક દલીલમાં મુખ્યત્વે અરજી મુજબની રજુઆત કરી રહયા છે અને વિશેષમાં તેમની તરફે એવી રજુઆત કરવામાં આવેલી છે કે,હાલના અરજદાર નિર્દોષ હોય તેમને હાલના ગુનાના કામે ખોટી રીતે અટક કરવામાં આવેલ છે.અરજદાર સ્થાનીકના રહેવાસી છે કયાંય નાશી ભાગી

જાય તેમ નથી.અરજદાર સામેનો ગુનો ટ્રાયલ બાય મેજીસ્ટ્રેટ છે અને વધુમાં વધુ ૧૦ વર્ષની સજાને પાત્ર છે.અરજદાર સામેની ટ્રાયલ ચાલતા સમય જાય તેમ છે.જામીન તે નીયમ છે અને જેલ એ અપવાદ છે. અરજદારને વધુ સમય જેલમાં રાખવામાં આવે તો તેમનુ કુટુંબ પાયમાલ થઇ જાય તેમ છે.નામદાર અદાલત જે શરતો ફરમાવશે તે શરતોનુ પાલન કરવાની ખાત્રી આપવામાં આવે છે.હાલના કામની ટ્રાયલ ચાલતા સમય જાય તેમ હોય જેથી અરજદારને ખોટી રીતે લાંબા સમય સુધી રહેવુ પડે તેમ હોય જેથી ઉપરોકત હકીકતો ધ્યાનમાં લઈ અરજદાર/આરોપીને જામીન મુકત કરવાની રજુઆત કરી રહયા છે.

(૫) આ કામે સામાવાળા શ્રી સરકાર તરફે વિદ્વાન એડી.પી.પી.શ્રી જી.કે.ડોબરીયા એ દલીલો કરતા જણાવેલ છે કે,હાલના અરજદાર/આરોપીએ પોતાના અંગત આર્થીક ફાયદા સારૂ દેશી દારૂની વેચાણ કરતો મળી આવેલ છે.હાલના અરજદાર સામે દારૂના વેચાણ કરવાનો ગંભીર પ્રકારના ગુનાનો પ્રથમ દર્શનીય આક્ષેપ છે.અરજદારને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો નાસી ભાગી જશે અને ટ્રાયલ સમયે હાજર રહેશે નહી.હાલના અરજદારને જો જામીન ઉપર મુકત કરવામાં આવે તો સમાજમાં તેની વિપરીત અસર પડે અને અન્ય યુવાનો આ પ્રકારની ગુનાહીત પ્રવૃતીમાં ન વળે તે હેતુને ધ્યાને રાખી હાલની જામીન અરજી રદ કરવાની રજુઆત કરી રહયા છે.

(૬) ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતા જણાંય છે કે, આ કામના અરજદાર/આરોપી સ્થાનીકના રહેવાસી છે તેઓ યુવાન વયના છે.નામદાર કોર્ટ ફરમાવે તે શરતોનુ પાલન કરવા ખાત્રી આપવામાં આવેલ છે.અરજદાર/આરોપી સામે કેસ ચાલતા સમય જાય તેમ છે.હાલના આરોપીને જામીન મુકત કરતા સમયે નામદાર

સુપ્રિમ અદાલતે સ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાનમાં લેતા આરોપી વિરૂધ્ધ ગુનાની ગંભીરતા,આરોપી ટ્રાયલ વખતે હાજર રહેશે કે કેમ, આરોપીનું સમાજમાં સ્થાન અને આરોપીને જામીન પર મુકત કરવામાં આવે તો સમાજમાં તેની અસર તે સિધ્ધાંતો ધ્યાનમાં લેતા આ કામના આરોપી તથા અન્ય વિરૂધ્ધ પ્રોહીબીશન એકટની કલમ ૬૫(એ)(ઇ),વિગેરે મુજબની ફરીયાદ કરવામાં આવેલી.હાલના આરોપી સામેના ગુનાની જોગવાઇ લક્ષમાં લેતા ૧૦ વર્ષ સુધીની છે અને નીચેની અદાલતને ચલાવવાની સત્તા છે નીચેની અદાલતમાં કેસનુ ભારણ વધારે હોવાથી ટ્રાયલ ચાલતા સમય જાય તેમ છે ત્યાં સુધી અરજદારને જેલમાં રાખવો ન્યાયોચીત જણાંતુ નથી. તેમજ આરોપી સામે આક્ષેપાયેલ ગુનાઓ તેમજ કેસના સંજોગો જોતા તેમજ **સંજય ચંદ્રા વિ.સી.બી.આઇ.**ના ચુકાદામાં પ્રસ્થાપીત કરવામાં આવેલ સિધ્ધાંતને ધ્યાનમાં લેતા આ કામના આરોપી પુરતી જામીન અરજી મંજુર કરવા વિવેક બુધ્ધિનો ઉપયોગ કરવા માટેનો ફીટ કેસ જણાંતો હોય જેથી હાલના આરોપીને જામીન ઉપર મુકત કરવાના નિર્ણય પર આવી ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છેઃ–

**–:: હુકમ ::–**

(૧) અરજદાર/આરોપી–**ગૌતમભાઇ ધીરૂભાઇ ચુડાસમા,**ની હાલની જામીન અરજી ન્યાયના હીતમાં **મંજુર** કરવામાં આવે છે.

(૨) અરજદાર/આરોપીને સદર ગુનાના કામે રૂપીયા ૧૦,૦૦૦/–(અંકે રૂપીયા દસ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કર્યેથી નીચેની શરતો ને આધીન જામીન મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતોઃ–**

(૧) અરજદાર/આરોપીએ ફરીયાદી કે સાહેદોને ધાક–ધમકી આપવી નહી તેમજ પુરાવા સાથે ચેડા કરવા નહી.

(૨) અરજદાર/આરોપી જો પાસપોર્ટ ધરાવતા હોય તો સંબંધીત કોર્ટમાં જમા કરાવવો અન્યથા પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે સંબંધેનુ સોગંદનામુ સંબંધીત અદાલત સમક્ષ રજુ કરવાનું રહેશે.

(૩) અરજદાર/આરોપીએ ચાર્જશીટ રજુ થતા સુધી દર અંગ્રેજી માસની પહેલી તારીખ થી પંદરમી તારીખ સુધીમાં સવારના ૧૦–૦૦ થી બપોરના ૧૪–૦૦ દરમ્યાન એકવાર સંબંધીત પોલીસ સ્ટેશનમાં હાજરી પુરાવવી.

(૪) અરજદારે આવા કે અન્ય કોઇ પ્રકારના ગુનામાં પોતાની સંડોવણી થાય તેવુ કોઇ કૃત્ય કરવુ નહી.

(૫) અરજદારે પોતાની જામીન મુકિતનો કોઇ ગેરલાભ લેવો નહી અને ફરીયાદ પક્ષના કેસને નુકશાન થાય તેવુ કોઇ કૃત્ય કરવુ નહી.તેમજ સાહેદોને ફોડવાના કોઇ પ્રયત્ન કરવા નહી.

(૬) અરજદારે ટ્રાયલ દરમ્યાન નામદાર કોર્ટમાં ઇન્સાફી કાર્યવાહીમાં નિયમીત હાજર રહેવુ.

(૭) અરજદારે કેસ ચાલતા દરમ્યાન ટ્રાયલ કોર્ટની પુર્વ પરવાનગી સિવાય ગુજરાત રાજયની હદ છોડવી નહી.

(૮) અરજદારે જામીન સંબંધીત અદાલતમાં આપવા તે અંગે ચાદી કરવી.

હુકમ આજરોજ તારીખ **૦૮મી,** માહે **ઓકટોબર** સને **૨૦૨૨**ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહિ કરી જાહેર કર્યો.

તા.૦૮.૧૦.૨૦૨૨
સ્થળ– ગોંડલ

**( દિલીપ રમણીકલાલ ભટ્ટ )**
એડીશ્નલ સેશન્સ જજ
ગોંડલ
કોડ નંબર–જી.જે.૦૦૪૪૪